**મહાનગરપાલિકા,જૂંનાગઢ**
**કેટલ પાઉન્ડ શાખા**
**જાહેર નીવીદા (બીજો પ્રયત્ન) ૨૧–૨૨**

મહાનગરપાલિકા,જુનાગઢની કેટલ પાઉન્ડ શાખા દ્વારા જુનાગઢ શહેર વિસ્તારમાંથી પકડવામા આવેલ રખડતા ભટકતા તેમજ ટ્રાફીકને અડચણરૂપ ગૌવંશ પશુઓને પકડવાની કામગીરી કરવામા આવે છે. આ પકડવામાં આવેલ ગૌવંશ પશુઓને મહાનગરપાલિકા, જુનાગઢની માલિકીની જગ્યા ખાતે રાખવામાં આવે છે. આ ગૌવંશને આજીવન સંભાળવા જે કોઈ ગૌશાળા કે પાંજરાપોળ તૈયાર હોય, તેવી ગૌશાળા કે પાંજરાપોળ પાસેથી લેખીત સહમતી માંગવામાં આવે છે. ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા આ ગૌવંશ સંભાળવા બાબતની લેખીત સહમતી આ જાહેર નિવીદા પ્રસિધ્ધ થયાની તારીખ થી દિવસ–૧૫ સુધીમાં નીચે મુજબના સરનામે રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂ/કુરીયર આપવાની રહેશે. આ ગૌવંશને આજીવન સંભાળવા મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા પ્રતિ ગૌવંશ દીઠ નકકી થયેલ શરતોને આધિન રૂા. ૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા) ચુકવવામાં આવશે. આ ગૌવંશ મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા જે–તે ગૌશાળા કે પાંજરાપોળ ખાતે પહોંચતા કરવામાં આવશે. જે ગૌશાળા કે પાંજરાપોળ લેખીત સહમતી આપે તે ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા મહાનગરપાલિકા, જૂનાગઢનાં નિયત નમુનામાં રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાનો રહેશે. આ અંગે ની શરતો નીચે જણાવેલ સરનામે કચેરી દરમ્યાન ચાલુ દિવસો એ જોવા મળશે.

લેખીત સહમતી મોકલવાનુ સરનામું ::–
કેટલ પાઉન્ડ શાખા,
ઓફીસ નંબર ૨૧૪,
સ્વામી વિવેકાંનદ ભવન, મહાનગરપાલિકા કચેરી,
આઝાદ ચોક, જૂનાગઢ.

સહી (રાજેશ તન્ના I.A.S)
કમિશનર
મહાનગરપાલિકા,જૂનાગઢ